# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાના ફાલ્ટા વિધાનસભા બેઠકની સમગ્ર મતદાન પ્રક્રિયા રદ કરવાનું અસાધારણ પગલું ભર્યું.

2) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરને આતંકવાદને નાબૂદ કરવાના મોદી સરકારના દૃઢ સંકલ્પનું પ્રતીક ગણાવ્યું.

3) દેશભરમાં આજે યુજી નીટની પરીક્ષા યોજાશે.

4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર જમૈકા, સુરીનામ તથા ત્રિનિદાદ અને ટોબેગોની સત્તાવાર મુલાકાતે આજે જમૈકાના કિંગ્સ્ટન પહોંચ્યા.

5) **IPL** ક્રિકેટમાં ચેન્નાઈમાં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને **8** વિકેટથી હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. EC-FALTA REPOLLING

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાના ફાલ્ટા વિધાનસભા બેઠકના  સમગ્ર મતદાન પ્રક્રિયા રદ કરવાનું અસાધારણ પગલું ભર્યું છે. 21 મેના રોજ આ મતવિસ્તારના તમામ 285 મતદાન મથકો પર નવેસરથી મતદાન થશે. 24 મેના રોજ મત ગણતરી કરવામાં આવશે. પંચે જણાવ્યું હતું કે 29 એપ્રિલના મતદાનમાં ગંભીર ચૂંટણી ગુનાઓ અને લોકશાહી પ્રક્રિયાના વ્યાપક ઉલ્લંઘનના અહેવાલો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નિરીક્ષકોના અહેવાલોમાં ઇલેક્ટ્રોનિક મતદાન મશીનોમાં છેડછાડ, મતદારોને ધાકધમકી મતદાન નિયમોના ઉલ્લંઘન સહિત ગંભીર ગેરરીતિઓનો ઉલ્લેખ છે. ઘણા મતદાન મથકો પર ઇલેક્ટ્રોનિક મતદાન મશીનોના બટનોને ઇરાદાપૂર્વક કાળી ટેપથી ઢાંકવામાં આવ્યા હતા, અનધિકૃત વ્યક્તિઓ મતદાન મથકોમાં પ્રવેશતા અને અન્ય લોકો વતી મતદાન કરતા જોવા મળ્યા હતા.

# VOTE COUNTING

પશ્ચિમ બંગાળ, કેરલમ, તમિલનાડુ, આસામ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓની મતગણતરી આવતીકાલે સવારે આઠ વાગ્યાથી હાથ ધરવામાં આવશે. આસામની બધી 126 બેઠકો, કેરલમમાં 140 બેઠકો અને પુડુચેરીમાં 30 બેઠકો માટે મતદાન નવમી એપ્રિલના રોજ યોજાયું હતું. તમિલનાડુમાં 234 વિધાનસભા બેઠકો અને પશ્ચિમ બંગાળમાં 293 વિધાનસભા બેઠકો માટે મતગણતરી પણ આવતીકાલે યોજાશે.

# PM-NITI MEMBERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. આર. બાલાસુબ્રમણ્યમ અને ડૉ. જોરમ અનિયાને નીતિ આયોગના પૂર્ણ-સમયના સભ્યો તરીકે નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમનો સમૃદ્ધ અનુભવ અને વિવિધ મુદ્દાઓની ઊંડી સમજ નીતિનિર્માણને ખૂબ જ મજબૂત બનાવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના યોગદાનથી તમામ ક્ષેત્રોમાં નવીનતા અને વિકાસને વેગ મળશે. શ્રી મોદીએ તેમને ખૂબ જ ઉત્પાદક અને પ્રભાવશાળી નવા કાર્યકાળની શુભેચ્છા પાઠવી.

કેબિનેટ સચિવાલયે એક સત્તાવાર જાહેરનામા દ્વારા ડૉ. બાલાસુબ્રમણ્યમ અને ડૉ. અનિયાની નિમણૂકની જાહેરાત કરી.

# MORN.RAJNATH-SHAURYA SANDHYA

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરને આતંકવાદને નાબૂદ કરવાના મોદી સરકારના દૃઢ સંકલ્પનું પ્રતીક ગણાવ્યું છે. ઓપરેશન સિંદૂરને એક વર્ષ પૂર્ણ થયા નિમિત્તે ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત શૌર્ય કાર્યક્રમને સંબોધતા સંરક્ષણમંત્રીએ કહ્યું આ ઓપરેશન દરમિયાન સશસ્ત્ર દળોની અપ્રતિમ બહાદુરીએ તેને ભારતના લશ્કરી ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ બનાવ્યું છે.

**(BYTE – RAJNATH SINH)**

ભારતે ગયા વર્ષે 22 એપ્રિલે પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં 7 મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ ઓપરેશનનો હેતુ પાકિસ્તાન દ્વારા નિયંત્રિત વિસ્તારોમાં આવેલા આતંકવાદી માળખાનો નાશ કરવાનો હતો. આ હુમલાઓથી ચાર દિવસની ભીષણ અથડામણ થઈ બાદમાં 10 મેના રોજ લશ્કરી કાર્યવાહી બંધ કરવાના કરાર સાથે સમાપ્ત થઈ.

# MORN.NEET EXAM

અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા - NEET UG આજે યોજાશે.પરીક્ષા બપોરે 2 થી સાંજે 5 વાગ્યા સુધી યોજાશે. પરીક્ષા કેન્દ્રમાં  બપોરે 1:30 વાગ્યા સુધી પ્રવેશ આપવામાં આવશે.

એજન્સીએ જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ પરિક્ષાર્થીઓ તેમના પ્રવેશ કાર્ડ સાથે, ઉમેદવારોએ એક અસલ ફોટો ઓળખ પુરાવો - જેમ કે મતદાર ID, આધાર કાર્ડ અથવા અન્ય માન્ય પુરાવો સાથે રાખવો જરૂરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# JAMAICA-JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે સવારે જમૈકાના કિંગ્સ્ટન પહોંચ્યા. તેઓ જમૈકા, સુરીનામ તથા ત્રિનિદાદ અને ટોબેગોની સત્તાવાર મુલાકાતે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે જમૈકાના વિદેશ મંત્રી કામિના જે. સ્મિથે તેમનું સ્વાગત કર્યું. વિદેશ મંત્રીએ આગામી બે દિવસમાં જમૈકાના નેતાઓ, વ્યાપારી નેતાઓ અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરવાની ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 10 મે સુધીની તેમની મુલાકાત દરમિયાન ડૉ. જયશંકર ત્રણેય દેશોના વિદેશ મંત્રીઓને મળશે. મુલાકાતની ચર્ચામાં દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને આવરી લેવામાં આવશે. વિદેશ મંત્રીની મુલાકાતનો ઉદ્દેશ્ય જમૈકા, સુરીનામ તથા ત્રિનિદાદ અને ટોબેગો સાથે ભારતના રાજકીય જોડાણની ગતિ જાળવી રાખવાનો અને આ દેશો સાથે લાંબા ગાળાના અને મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે.

# MORN.GERMANY-US TROOPS

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા જર્મનીમાં પોતાના લશ્કરી જવાનોમાં નોંધપાત્ર ઘટાડો કરશે. જેનાથી જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથે અમેરિકાનો વિવાદ વધુ વધ્યો છે. શ્રી ટ્રમ્પ યુરોપિયન સુરક્ષા પ્રત્યે અમેરિકાની પ્રતિબદ્ધતા ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પેન્ટાગોનએ શુક્રવારે જાહેરાત કરી હતી કે તે જર્મનીમાંથી આશરે પાંચ હજાર સૈનિકોને પરત બોલશે. શનિવારે આ પગલાનું કારણ પૂછવામાં આવતા ટ્રમ્પે કોઈ સ્પષ્ટતા આપી ન હતી અને કહ્યું હતું કે હજુ પણ મોટી સંખ્યામાં ઘટાડો થવાની શક્યતા છે.

અગાઉ જર્મનીના સંરક્ષણમંત્રી બોરિસ પિસ્ટોરિયસે કહ્યું કે જર્મનીમાં અમેરિકન સૈનિકોના આયોજિત ઘટાડાથી યુરોપને તેના સંરક્ષણને મજબૂત બનાવવા માટે પ્રેરણા મળશે. જર્મનીમાં અમેરિકન લશ્કરી હાજરી બીજા વિશ્વયુદ્ધ બાદ શરૂ થઈ હતી અને 1960ના દાયકામાં શીત યુદ્ધ દરમિયાન તેની ટોચ પર પહોંચી હતી.

જર્મનીમાં અમેરિકન લશ્કરી તૈનાત યુરોપમાં અત્યાર સુધીની સૌથી મોટી છે. હાલમાં અમેરિકા પાસે જર્મનીમાં આશરે 36 હજાર સૈનિકો છે, જ્યારે ઇટાલી પાસે આશરે 12 હજાર  સૈનિકો છે અને બ્રિટન પાસે 10 હજાર છે.

# US-CUBA THREAT

ક્યુબાએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લશ્કરી ધમકીઓની કડક નિંદા કરી છે. ક્યુબાના રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કેનેલે કહ્યું કે ટ્રમ્પ દ્વારા ક્યુબા સામે લશ્કરી આક્રમણની ધમકી એક ખતરનાક સંકેત છે. તેમણે ક્યુબાના સાર્વભૌમત્વનું રક્ષણ કરવાનો પોતાનો સંકલ્પ વ્યક્ત કર્યો. ક્યુબાના વિદેશ મંત્રી બ્રુનો રોડ્રિગ્ઝે પણ કહ્યું કે ટ્રમ્પ દ્વારા લશ્કરી હુમલાની સ્પષ્ટ અને સીધી ધમકીએ ક્યુબા સામે આક્રમણને ખતરનાક સ્તરે વધારી દીધું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફ્લોરિડામાં કહ્યું કે ઈરાન સાથેના સંઘર્ષ બાદ અમેરિકા ક્યુબાનો કબજો સંભાળી લેશે. ક્યુબાએ આ ધમકીઓને નકારી કાઢી તેને અમેરિકન સરકારની એકપક્ષીય દંડાત્મક કાર્યવાહી ગણાવી. ક્યુબાએ કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે અને સામૂહિક સજા સમાન છે.

# MORN. IPL

IPL ક્રિકેટમાં ચેન્નાઈમાં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 8 વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 159 રન બનાવ્યા. જવાબમાં ચેન્નાઈએ 18 ઓવર અને 1 બોલમાં 2 વિકેટ ગુમાવીને 160 રન બનાવીને મેચ જીતી લીધી. ચેન્નાઈના રુતુરાજ ગાયકવાડ 67 રન અને કાર્તિક શર્મા 54 રન બનાવીને અણનમ રહ્યા.

આજે ટુર્નામેન્ટમાં સનરાઈઝર્સ હૈદરાબાદ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટકરાશે. આ મેચ આજે બપોરે સાડા ત્રણ વાગ્યાથી હૈદરાબાદમાં રમાશે. બીજી મેચ ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે અમદાવાદમાં રમાશે. આ મેચ સાંજે સાત સાત વાગ્યાથી રમાશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

આજનાં સમાચારોમાં વિવિધ સમાચારો હેડ્લાઇનમાં વાંચવા મળી રહ્યા છે.

- નવગુજરાત સમયની હેડલાઇન છે – વીમા ક્ષેત્રે ઓટોમેટિક રુટથી 100 ટકા સીધા વિદેશી રોકાણને મંજૂરી.
- સંદેશે પેટ્રોલ ડિઝલ- એલપીજીના ભાવ વધવાની શક્યતા અંગેના સમાચારને હેડલાઇનમાં લીધા છે.
- ગુજરાત સમાચાર લખે છે – ઈરાન યુદ્ધની અસર અમેરિકાની સ્પિરિટ એરલાઇન્સન પાટિયા પડ્યા.
- દિવ્ય ભાસ્કરે 21 કંપનીઓની નેટવર્થ ખતમ, 42 PSU 29 હજાર કરોડની ખોટમાં આ સમાચારને પહેલા પાને પ્રકાશિત કર્યા છે.
- રાજ્ય અને સ્થાનિક સમાચારમાં જમીન માપણી:ભૂલો સુધારણાની દોઢ લાખ અરજી પેન્ડિંગ, ત્રણ વર્ષમાં 14 ટકા પરિણામ આ સમચારને સંદશે છેલ્લા પાને લીધા  છે.
- વિવિધ અખબારોમાં સ્થાનિક પાનાં પર નકલી દવાઓ અને ભેળસેળ વિરુદ્ધ  તંત્રના દરોડા અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.